# BUSINESS મિત્ર

### રોકાણકારોની કમાણી રૂ. 5 લાખ કરોડ, સેન્સેક્સ-નિફ્ટી ગ્રીન ઝોનમાં

# બજારમાં પ્રત્યાઘાતી સુધારોઃ મિડકેપ-સ્મોલકેપે બાજી મારી

**છેલ્લા** અડધા કલાકમાં વેચવાલીએ ઉછાળો ધોવાઇ ગયો, નિફ્ટીએ 24000 પોઇન્ટની સપાટી તોડી

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 9:** અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન બાદ ગઈકાલે શેરબજારમાં કડાકો બોલાયા બાદ આજે શેરબજારમાં પ્રત્યાઘાતી સુધારા સાથે ગેપ અપ ઓપનીંગ થયું હતું, પીએસયુ બેન્ક તથા રિયલ્ટી શેરોનો ટેકો મળ્યો હતો. જોકે, આજે સેન્સેક્સની વીકલી એક્સપાયરી હતી. પણ છેલ્લા અડધા કલાકમાં વેચવાલી હાવી રહી હતી. બ્રોડર માર્કેટમાં સારી રીકવરીના પગલે રોકાણકારોએ રૂ. 5 લાખ કરોડની કમાણી કરી હતી.

સેકટર વાઈઝ જોઈએ તો આજે પીએસયુ બેન્કની મજબૂત ટેકો રહેતા નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 1.5 ટકા વધ્યો હતો, જ્યારે નિફ્ટી રિય્લટી ઈન્ડેક્સ 3.54 ટકા વધ્યો હતો, આ સાથે ફાર્મા, પ્રાઈવેટ બેન્ક અને એફએમસીજી વધ્યા હતા. જ્યારે નિફ્ટી ઓટો અને આઈટી શેરોમાં નરમાઈ જોવા મળી હતી. જોકે, બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં શાનદાર રીકવરીના પગલે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 476 લાખ કરોડ પર પહોંચ્યો છે. જે અગાઉ રૂ. 470 લાખ કરોડની હતો. બીએસઈ સેન્સેક્સ 238.22 પોઈન્ટ એટલે કે 0.31 ટકા વધીને 76741.82 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 77326 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76576 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 80.75 પોઈન્ટ એટલે કે 0.34 ટકા વધીને 23962.80 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24134 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23925 પોઈન્ટ સુધી ઘટી હતી. જ્યારે બેન્ક નિફ્ટી 509.85 પોઈન્ટ એટલે કે 0.9 ટકા વધીને 57252.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે એકયુટાસ કેમિકલ્સમાં 12.77 ગણા, કોહાન્સ લાઈફ સાયન્સીસમાં 9.85 ગણા, લેન્સકાર્ટ સોલ્યુશન્સમાં 8.91 ગણા, કાર્બોન્ડમ યુનિવર્સલમાં 6.2 ગણા અને ભારતી હેક્સાકોમમાં 5.12 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે કલ્યાણ જવેલર્સમાં 7.57 ગણા, ઈઆઈએચ લિ.માં 7.14 ગણા, સીઈ ઈન્ફોસીસ્ટમમાં 5.38 ગણા, ગ્રેવીટા ઈન્ડિયામાં 4.07 ગણા અને બીએલએસ ઈન્ટરનેશનલમાં 3.98 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં રીકવરીના પગલે ફ્રન્ટલાઈન શેરો કરતા સારૂં પ્રદર્શન કર્યું હતું. બીએસઈ મિડકેપ ઈન્ડેકસ 1.41 ટકા અને સ્મોલકેપ ઈન્ડેકસ 1.69 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહી હતી. બીએસઈ ખાતે 2916 શેરો વધ્યા હતા, જ્યારે 1323 શેરો ઘટ્યા હતા અને 177 શેરો યથાવત રહ્યા હતા. ગઈકાલે એનએસઈ ઈન્ડિયા વીઆઈએક્સ 22 ટકાથી વધુ ઉછળ્યો હતો, જેમાં આજે 8.97 ટકા ઘટ્યો હતો.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3.64 ટકા વધ્યો હતો. જેમાં લોઢા ડેવલપર્સ, બ્રિગ્રેડ એન્ટર, અનંતરાજ, ડીએલએફ, એબી રિયલ એસ્ટેટ, ફોનિક્સ મીલ્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, પ્રેસ્ટીજ એસ્ટેટ, શોભા અને ઓબેરોય રિયલ્ટી વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઈરાન-અમેરિકા તણાવના પગલે એશિયન બજારો અને યુરોપિયન બજારો મિશ્ર રહ્યા હતા. જોકે, યુરોપિયન બજારોની પોઝિટિવ શરૂઆત થઈ હતી. ચીનનો વાર્ષિક ફુગાવો જુનમાં એક ટકા પર પહોંચ્યો હતો, જે મે મહિનામાં 1.1 ટકા હતો. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, હોર્મુઝ સ્ટ્રેટ અને તેની આસપાસના વ્યાપારીક શીપીંગ પર તેહરાનના હુમલાના જવાબમાં યુએસએ ઈરાન પર નવેસરથી હુમલા શરૂ કરી દીધા છે. ટ્રમ્પે ફરીથી કહ્યું કે, ઈરાન સાથેના સોદા પર વાટાઘાટોમાં રસ લેશે નહીં.

યુરોપિયન બજારોમાં કેક 0.22 ટકા અને ડેક્સ 0.11 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે એફટીએસઈ 0.78 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારમાં નીક્કી 1.99 ટકા, સ્ટ્રેઈટસ 1.18 ટકા, કોસ્પી 0.62 ટકા, જકાર્તા 0.66 ટકાશાંઘાઈ 1.63 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.03 ટકા, તાઈવાન 0.84 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો

ક્રુડ ઓઇલના ભાવ ઉછળ્યા બાદ સ્થિર રહ્યા હતા, જેથી આજે કરન્સી બજારમાં રૂપિયામાં પ્રત્યાઘાતી સુધારો રહ્યો હતો, પરંતુ હજુય 95ની ઉપર જ છે. આજે ડોલરની સામે રૂપિયો 19 પૈસા સુધરીને 95.38ના સ્તરે બંધ રહ્યો હતો, જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.57ના સ્તરે હતો. અન્ય કરન્સીઓમાં યુરો 108.39, પાઉન્ડ 127.18, કેનેડિયન ડોલર 67.17, ઓસ્ટ્રેલિયન ડોલર 65.81, જાપાનીઝ યેન 0.5871 અને સીંગાપોર ડોલર 73.94ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 95.38 રૂ. |
| યુરો | 108.39 રૂ. |
| પાઉન્ડ | 127.18 રૂ. |
| યેન | 0.5871 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 238.22 | 76741.82 |
| નિફ્ટી | 80.75 | 23962.80 |
| બેન્ક નિફ્ટી | 509.85 | 57252.45 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 2.67 | 1938.70 |
| ભારતી એરટેલ | 2.28 | 1931.10 |
| બજાજ ફિનસર્વ | 2.16 | 1895.00 |
| ઇન્ટરગ્લોબ | 2.06 | 5229.50 |
| ઇટર્નલ | 2.01 | 292.45 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ડો. રેડ્ડીઝ લેબ | 5.89 | 1269.50 |
| ઇન્ફોસીસ | 1.73 | 1050.80 |
| મારૂતિ સુઝુકી | 1.60 | 13728.00 |
| એનટીપીસી | 1.43 | 343.70 |
| ઓએનજીસી | 1.36 | 243.65 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 2.70 | 1938.85 |
| ભારતી એરટેલ | 2.24 | 1932.10 |
| બજાજ ફિનસર્વ | 2.14 | 1984.25 |
| ઇન્ટરગ્લોબ | 2.01 | 5228.60 |
| ઇટર્નલ | 1.99 | 292.25 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.80 | 1050.05 |
| મારૂતિ સુઝુકી | 1.65 | 13714.50 |
| એનટીપીસી | 1.51 | 343.50 |
| એક્સીસ બેન્ક | 0.95 | 1299.00 |
| ટાઇટન કંપની | 0.69 | 4555.45 |

# ફંડિંગ નહીં, વિશ્વાસ બનાવોઃ અનિલ અગ્રવાલની સ્ટાર્ટઅપ્સને સલાહ

**સ્ટાર્ટઅપ્સ** ઇકો સીસ્ટમમાં વેલ્યુએશન અને ફંડિંગ સફળતાનો માપદંડ નથી

મુંબઈ, તા. 9: છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં સ્ટાર્ટઅપ્સની રેસ લાગી છે, જેમાં યુનિકોર્ન અને વેલ્યુએશન માટેની ચાલી રહેલી લડાઈ વચ્ચે ઉદ્યોગપતિ અનિલ અગ્રવાલે સલાહ આપી છે કે વ્યવસાય માટે મુલ્યાંકન જરૂરી છે, પણ તે સફળતાનું માપદંડ ગણી ન શકાય. જે ગ્રાહકોની સમસ્યાઓનો ઉકેલ લાવે તે જ કંપનીઓ સફળ થતી જોવા મળે છે.

એક્સ પરની એક પોસ્ટમાં અનિલ અગ્રવાલે લખ્યું છે કે, આજના સ્ટાર્ટઅપ્સ ઈકોસીસ્ટમમાં વેલ્યુએશન અને ફંડિંગને ઘણીવાર સફળતાનું માપદંડ માપવામાં આવે છે. પણ સાહસિકોએ એ ભુલવું ન જોઈએ કે તેમના સાહસની યાત્રા માત્ર ફંડના રાઉન્ડને સુરક્ષિત કરવા માટે શરૂ કરી નથી. કેટલાકે નોકરીઓ છોડીને સાહસ શરૂ કરતા હોય છે, કેમ કે તેમને બજારમાં સમસ્યા દેખાતી હોય છે અને તેનું નિરાકરણ માટે આ સાહસ શરૂ કરતા હોય છે. જ્યારે આ સાહસિકોને ફંડ મળી જાય પછી પરિસ્થિતિ બદલાઈ જાય છે.

અગ્રવાલનું કહેવું છે કે, કંપનીની વાસ્તવિક તાકાત ગ્રાહકોનો વિશ્વાસ છે, તેની ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ જરૂરી છે. આવી જ કંપનીઓ જે ફંડ નહીં પણ ગ્રાહક કેન્દ્રિત હોય છે તે ટકી જાય છે.

અનિલ અગ્રવાલની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ભારતીય સ્ટાર્ટઅપ સેકટરમાં રોકાણકારોનું ધ્યાન માત્ર વૃદ્ધિથી નફાકારકતા, રોકડ પ્રવાહ અને ટકાઉ બિઝનેસ મોડલ તરફ વધી રહ્યું છે. વર્ષોથી ઘણા ઉચ્ચ મુલ્યાંકન સ્ટાર્ટઅપ્સને ખર્ચ ઘટાડવા, કર્મચારીઓને છુટા કરવા અને તેમના વ્યાવસાયિક મોડેલોની સમીક્ષા કરવાની ફરજ પડી છે.

# TCSના મિશ્ર પરિણામોઃ આવક અંદાજ કરતાં વધુ

**નફામાં** સામાન્ય ચૂક; રૂ. 12 ડિવિડન્ડની જાહેરાત

**પ્રથમ** ક્વાર્ટરમાં કંપનીને રૂ. 13,349 કરોડનો નેટ પ્રોફિટ

મુંબઈ, તા. 9: દિગ્ગજ આઈટી કંપની ટીસીએસે નાણાકીય વર્ષ 2026-27ના એપ્રિલ જુન કવાર્ટરના પરિણામો જાહેર કર્યા છે. જેમાં કંપનીએ નફો અંદાજ કરતા થોડો ઓછો કર્યો હતો, જ્યારે આવક અપેક્ષા કરતા સારી રહી હતી.

કંપનીએ નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ કવાર્ટરમાં ચોખ્ખો નફો રૂ. 13349 કરોડનો કર્યો છે. જે રૂ. 13461 કરોડના અંદાજથી ઓછો હતો, તેજ સમયે કંપનીની આવક રૂ. 72275 કરોડની હતી. જે અગાઉ રૂ. 71847 કરોડના બજાર અંદાજ કરતા વધુ છે. કંપનીની વાર્ષિક એઆઈ આવક 2.6 અબજ ડોલર હતી, જે પાછલા કવાર્ટરની તુલના કરતા 13.6 ટકા વધુ છે. કવાર્ટર દરમ્યાન કંપનીએ કુલ કોન્ટ્રાક્ટ વેલ્યુ 9.5 અબજ ડોલર હાંસલ કરી છે.

ટીસીએસના સીઈઓ અને એમડી કે કૃતિવાસને જણાવ્યું હતું કે વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ અને નબળા આર્થિક વાતાવરણ હોવા છતાં, કંપનીએ સતત વૃદ્ધિ નોંધાવી છે. તેમણે કહ્યું કે ટીસીએસએ એઆઈ વ્યવસાયને ઝડપથી વિસ્તૃત કર્યો છે. તે જ સમયે, કંપનીને મોટા કોન્ટ્રાક્ટ મેળવવામાં અને હાલના ગ્રાહકો પાસેથી વ્યવસાય વધારવામાં પણ સારી સફળતા મળી હતી.

ટીસીએસએ શેરદીઠ રૂ. 12ના વચગાળાના ડિવિડન્ડની પણ જાહેરાત કરી છે. તેની રેકોર્ડ તારીખ 15મી જુલાઈ નક્કી કરવામાં આવી છે. આ ડિવિડન્ડની રકમ 31 જુલાઈ સુધીમાં શેરહોલ્ડરોના ખાતામાં ટ્રાન્સફર થઈ જશે.

# IMF અને ADBએ ભારતના GDP વૃદ્ધિ દરના અંદાજો ઘટાડ્યા

**મોંઘું** ક્રૂડ ઓઇલ વધારશે અર્થતંત્રની ચિંતા

મુંબઈ, તા. 9: પશ્ચિમ એશિયામાં અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી શરૂ થયેલો તણાવ ભારતના આર્થિક વિકાસ દર (GDP) ને બ્રેક લગાવી શકે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) અને એશિયન વિકાસ બેંક (ADB)એ વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના વધતા ભાવોને પગલે ભારતના વિકાસ દરના અંદાજોમાં ઘટાડો કર્યો છે. ભારત પોતાની ક્રૂડ ઓઈલની જરૂરિયાતોના 85% થી વધુ આયાત કરે છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધ લાંબુ ચાલવાના કારણે ઉર્જા પાછળ થતો ખર્ચ વધશે, જે દેશમાં ફુગાવો (મોંઘવારી) વધારવાની સાથે વિદેશી હૂંડિયામણ ભંડાર પર બોજ વધારશે અને રૂપિયાને નબળો પાડશે. આ પરિસ્થિતિ ભારતીય ગ્રાહકોમાં ખર્ચ અને વપરાશ ઘટાડી શકે છે.

**વિકાસ દરના નવા અંદાજો:**

**IMF નો અંદાજ:** નાણાકીય વર્ષ 2026-27 માટે જીડીપી ગ્રોથ રેટ 6.5% થી ઘટાડીને 6.4% કર્યો છે. જોકે, સંસ્થાના મતે આ ધીમી ગતિ છતાં ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બની રહેશે. વર્ષ 2027-28માં તે 6.7% પર પહોંચી શકે છે.

**ADBનો અંદાજ:** એશિયન ડેવલપમેન્ટ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો ગ્રોથ રેટ 6.9%થી ઘટાડીને 6.6% કર્યો છે.

આ સંઘર્ષની અસર માત્ર ભારત પર જ નહીં, પરંતુ સમગ્ર વૈશ્વિક અર્થતંત્ર પર પડી રહી છે. IMFએ વૈશ્વિક વિકાસ દરનો અંદાજ પણ 3.5%થી ઘટાડીને 3.1% કર્યો છે, જે દર્શાવે છે કે પશ્ચિમ એશિયાની કટોકટી વૈશ્વિક બજારોને નબળા પાડી રહી છે.

# BPCLએ અમેરિકા પાસેથી ખરીદ્યું 10 લાખ બેરલ ક્રૂડ ઓઈલ

**જૂના** બ્રેન્ટ કરતાં ઊંચી કિંમતે યુએસ ક્રૂડનો સોદો

મુંબઈ, તા. 9: ભારત પેટ્રોલિયમ કોર્પોરેશને યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ ઓઈલના દસ લાખ બેરલ ખરીદ્યા છે. આ નોંધપાત્ર ખરીદી ઓગસ્ટમાં ડિલિવરી માટે ટેન્ડર દ્વારા કરવામાં આવી હતી. ભારતીય કંપનીએ ટ્રેડિંગ હાઉસ વિટોલ પાસેથી તેલ ખરીદ્યું હતું. આ સોદો પ્રતિ બેરલ આશરે છ ડોલરના પ્રીમિયમ પર થયો હતો.

વેપારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન ઉપરાંત જાપાનના તાઈયો ઓઈલે પણ આ અઠવાડિયે યુનાઈટેડ સ્ટેટ્સ પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદ્યું હતું, કારણ કે રિફાઈનર્સ મધ્ય પૂર્વ સંઘર્ષ વચ્ચે પુરવઠામાં વૈવિધ્ય લાવવા માંગે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રિફાઈનરે ખરીદી માટે આફ્રામેક્સ ટેન્કર બુક કરાવ્યું છે, જે 600,000 બેરલ સુધી ક્રૂડ ઓઈલ લઈ જવાની ક્ષમતા ધરાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, આ તેલ પ્રતિ બેરલ લગભગ 6 ડોલરના પ્રીમિયમ પર ખરીદવામાં આવ્યું હતું, જે જૂના બ્રેન્ટ તેલ કરતાં વધુ કિંમતે ખરીદાયું હતું.

# હજુ પણ રૂપિયા 2000ની નોટ બદલાવી શકશો

**આરબીઆઇએ** કહ્યું કે, 2000ની નોટ હજુય પણ કાયદેસર ટેન્ડર માનવામાં આવે છે, તેને બદલી શકાશે

નવી દિલ્હી, તા. 9: જો તમારી પાસે રૂ. 2000ની ચલણી નોટ હોય તો તેને બદલી શકો છો. આરબીઆઈએ ફરી એકવાર લોકોને કહ્યું કે, તેમને હજુય પણ કાયદેસર ટેન્ડર માનવામાં આવી રહ્યા છે, તેથી તમે તેને બદલી શકો છો. ઘણી વખત લોકો પાસે રહી જાય છે, અને તે મળી હોય તો તેઓ રિઝર્વ બેન્કમાં પરત કરી શકે છે.

19મી મે, 2023ના રોજ રિઝર્વ બેન્કે રૂ. 2000ની ચલણી નોટને ચલણમાંથી પાછી ખેંચવા માટે પરિપત્ર બહાર પાડ્યો હતો. ત્યારબાદ આરબીઆઈએ લોકોને 2000 રૂપિયાની નોટો જમા કરાવવાની સુચના આપી રહી છે. જ્યારે રૂ 500 અને 1000ની જુની નોટો બંધ કરવામાં આવી હતી. ત્યારબાદ 2000ની નવી ગુલાબી નોટ જારી કરવામાં આવી હતી, જેને પણ ટુંકસમયમાં બજારમાંથી પરત ખેંચી લેવામાં આવી હતી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફરી એકવાર લોકોને યાદ અપાવ્યું છે કે 2000 ની મોટાભાગની નોટો પરત કરવામાં આવી છે, પરંતુ જો તમારી પાસે હજી પણ કોઈ નોટ છે, તો તમારા માટે તે જાણવું મહત્વપૂર્ણ છે કે આ નોટો હજી પણ કાયદેસર ટેન્ડર માનવામાં આવે છે. આરબીઆઈના જણાવ્યા અનુસાર, જો તમે ઈચ્છો તો તમે આ નોટોને પોસ્ટ દ્વારા આરબીઆઈની કોઈપણ ઈશ્યૂ ઓફિસમાં મોકલી શકો છો અને પૈસા તમારા બેંક ખાતામાં જમા કરી શકો છો.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૮૬૯૦ |
| તેજાબી સોનું | ૧૪૮૬૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૧૨૫૫ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૫૭૧૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૮૬૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૧૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૨૮૦૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૨૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૭૦ | તલતેલ | ૪૭૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૨૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૬૦૦ |
| એમ-30 | ૪૫૫૦ |
| એસ-30 | ૪૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૩૫૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૩.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૮ | ૫૦/૩૬ '' | ૧૪૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૬ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૧ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૪ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૨ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૬ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૦ | ૧૦૦ ટેક્ષ | ૧૩૯ | ૬૮ ક્રિમ્પ | ૧૪૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૩૮ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૨ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૩૯ | ૮૦/૭૨ રોટો | ૧૪૩ | ૭૫ ક્રિમ્પ | ૧૪૧ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૩૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

# પંજાબનાં લોકો પ્રતિબંધિત 'સતલુજ' ફિલ્મ ગેરકાયદે ડાઉનલોડ કરીને જાહેરમાં જોઈ રહ્યાં છે

દિલજીત દોસાંઝની ફિલ્મ 'પંજાબ '૯૫' ત્રણ વર્ષ સુધી સેન્સર બોર્ડ પાસે અટવાઈ ગઈ હતી. સેન્સર બોર્ડે તેમાં ૧૨૭ કટનો આદેશ આપ્યો હતો. આના કારણે ફિલ્મને પ્રતિબંધિત કરવામાં આવી હતી, પરંતુ હવે તેને OTT પ્લેટફોર્મ પર નવા શીર્ષક 'સતલુજ' સાથે રિલીઝ કરવામાં આવી છે. તેમાં કોઈ કટ કરવામાં આવ્યા નથી. આ ફિલ્મ એક સત્ય ઘટના પર આધારિત છે, જેની રાહ પંજાબનાં કરોડો દર્શકો લાંબા સમયથી જોઈ રહ્યાં હતાં. આ ફિલ્મનું પ્રીમિયર ૨૦૨૩માં ટોરોન્ટો ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં થયું હતું. આ ફિલ્મમાં દિલજીત દોસાંઝ માનવાધિકાર કાર્યકર્તા જસવંતસિંહ ખાલરાની ભૂમિકા ભજવે છે, જેમણે ગુમ થયેલાં ૨૫,૦૦૦ શીખો માટે લડત આપી હતી અને યુવાનોને આતંકવાદી ગણાવતા નકલી એન્કાઉન્ટર સામે અવાજ ઉઠાવ્યો હતો. પોલીસે તેમનું અપહરણ કર્યું હતું અને નકલી એન્કાઉન્ટર કર્યું હતું.

દિલજીત દોસાંઝની મુખ્ય ભૂમિકામાં અભિનીત 'સતલુજ' ફિલ્મ ૩ જુલાઈ ૨૦૨૬ ના રોજ OTT પ્લેટફોર્મ Zee5 પર રિલીઝ થઈ હતી, પરંતુ ૪૮ કલાક પછી તેને Zee5 પરથી દૂર કરવામાં આવી હતી. આ પછી, પંજાબનાં વિવિધ ગામડાંઓ અને શહેરોમાં લોકો આ ફિલ્મ જાતે ડાઉનલોડ કરી રહ્યાં છે અને મોટા LED સ્ક્રીન પર સ્ટ્રીમ કરી રહ્યાં છે. લોકો ગુરુદ્વારા અને ખુલ્લી જગ્યાઓમાં પણ સાથે મળીને ફિલ્મ જોઈ રહ્યાં છે. ભાજપના પંજાબ એકમે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયને આ મામલે પુનર્વિચાર કરવાની માંગણી કરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ગુરદાસપુર, સંગરુર, જલંધર, રૂપનગર (રોપર), ભટિંડા, ફિરોઝપુર, મોગા અને પટિયાલા સહિત અનેક જિલ્લાઓનાં વિવિધ ગામોમાં 'સતલુજ' ના સ્ક્રીનિંગના ફોટા અને વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે. રાજસ્થાનના શ્રી ગંગાનગર વિસ્તારમાંથી આવી જ એક સ્ક્રીનિંગની તસવીરો પણ વાયરલ થઈ હતી, જેને દિલજીતે પોતાના ઇન્સ્ટાગ્રામ પેજ પર શેર કરી હતી.

૧૯૯૦ના દાયકામાં પંજાબમાં આતંકવાદ ચરમસીમાએ હતો. કેપીએસ ગિલ પંજાબના ડીજીપી હતા. ખાલિસ્તાની ચળવળ પણ વેગ પકડી રહી હતી. ૧૯૮૪માં ઓપરેશન બ્લુ સ્ટાર થયું અને તત્કાલીન વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીની હત્યા કરવામાં આવી હતી, જેના કારણે પંજાબમાં શીખ વિરોધી રમખાણો ફાટી નીકળ્યાં હતાં. લગભગ એક દાયકા સુધી પંજાબે એક લોહિયાળ સમય જોયો હતો, જેણે બધાને ડરાવી દીધાં હતાં. તે સમય દરમિયાન પંજાબ પોલીસ પર પુરાવા વિના યુવાનોની હત્યા કરવાનો, તેમને આતંકવાદી ગણાવવાનો અને એન્કાઉન્ટરમાં ફાંસી આપવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. માનવાધિકાર કાર્યકર જસવંતસિંહ ખાલરાએ એવો દાવો કરીને બધાને ચોંકાવી દીધા કે પોલીસે યુવાનોના નકલી એન્કાઉન્ટર કર્યાં હતાં. તેમણે પહેલાં અનેક સ્મશાનભૂમિની મુલાકાત લીધી અને તપાસ કરી, જેમાં જાણવા મળ્યું કે આશરે ૨૫,૦૦૦ શીખ યુવાનો ગુમ છે. આ ગુમ થવાની ઘટનાઓ ૧૯૮૪ થી ૧૯૯૪ ની વચ્ચે બની હતી.



જસવંતસિંહ ખાલરાએ દાવો કર્યો હતો કે પોલીસે કાં તો લગભગ ૨,૦૦૦ શીખોને અગ્નિસંસ્કાર આપ્યા હતા, તેમને બિનવારસી જાહેર કર્યાં હતાં અથવા તેમના મૃતદેહોને નદીમાં ફેંકી દીધા હતા.

જસવંતસિંહ ખાલરા અમૃતસર સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકમાં ડિરેક્ટર હતા, પરંતુ તેઓ માનવ અધિકાર કાર્યકર્તા પણ હતા. જસવંતસિંહ ખાલરાના આખા પરિવારે ભારતની સ્વતંત્રતા માટે લડાઈ લડી હતી અને મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જસવંતના દાદા હરનામ સિંહ ખાલરાને ૧૦ વર્ષ સુધી નજરકેદ રાખ્યા બાદ અંગ્રેજો દ્વારા ફાંસી આપવામાં આવી હતી. જસવંતના પિતા કરતારસિંહ ભારત છોડો ચળવળના સભ્ય હતા. એક દિવસ જ્યારે તેમના મિત્ર અને સાથીદાર પ્યારા સિંહ ગુમ થઈ ગયા, ત્યારે જસવંતસિંહ તેમને શોધવા માટે સ્મશાનભૂમિ ગયા હતા. ત્યાં

**ટુ ધ પોઇન્ટ**

■ સંજય વોરા ■

જસવંતસિંહને ખબર પડી કે મોટી સંખ્યામાં મૃતદેહોને દાવા વગરના શબ તરીકે અગ્નિસંસ્કાર કરવામાં આવી રહ્યા હતા. જસવંતસિંહે જે.એસ. ધિલ્લોન સાથે મળીને ૧૯૯૫માં એક પ્રેસ નોટ તૈયાર કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે પોલીસ મૃતદેહોને સ્મશાનભૂમિમાં લઈ ગઈ હતી, જ્યાં તેમને બિનવારસી જાહેર કરીને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. આ પ્રેસ નોટમાં તેમણે વર્ણન કર્યું હતું કે ખાલરા, કૈરોન, વલતોહા અને હરિકા જેવાં ગામડાંઓમાંથી અસંખ્ય બિનવારસી મૃતદેહો કેવી રીતે લાવવામાં આવ્યા હતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ૧ જૂન, ૧૯૮૪ અને ૧૯૯૪ના અંત વચ્ચે ૨,૦૦૦ મૃતદેહોને બિનવારસી જાહેર કર્યા પછી તેમના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. જસવંતસિંહની આ પ્રેસ નોટે ભારે હોબાળો મચાવ્યો હતો અને થોડા મહિનાઓ પછી જસવંતસિંહ ખાલરા જ ગાયબ થઈ ગયા હતા.

હકીકતમાં જસવંતસિંહ ખાલરાને પોલીસે ઉપાડી લીધા હતા. આ ઘટનાના પ્રત્યક્ષદર્શી રાજીવે આ વાતનો ખુલાસો કર્યો હતો. તેમણે કહ્યું કે ૬ સપ્ટેમ્બર, ૧૯૯૫ ના રોજ તેઓ જસવંતસિંહના ઘરે બેઠા હતા.

જસવંતસિંહ બહાર પોતાની કાર ધોઈ રહ્યા હતા અને એક પત્રકારની રાહ જોઈ રહ્યા હતા. તેઓ બધા સ્મશાન જવાના હતા. પછી પંજાબ પોલીસના બે ડીએસપી અને ત્રણ ઇન્સ્પેક્ટર ત્રણ-ચાર માણસો સાથે પહોંચ્યા હતા અને જસવંતસિંહને ઉપાડી ગયા હતા. તે ઘટનાના દોઢ મહિના પછી પોલીસે જસવંતસિંહને ગોળી મારીને તેમની હત્યા કરી હતી અને તેમના શરીરને હરિકે કેનાલમાં ફેંકી દીધું હતું. તેઓ પોલીસ એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા.

આ કેસની તપાસ સીબીઆઈ દ્વારા કરવામાં આવી હતી, જેમાં રાજીવ અને પંજાબના ભૂતપૂર્વ સ્પેશ્યલ પોલીસ ઓફિસર કુલદીપે જુબાની આપી હતી, જેમની હાજરીમાં જસવંતસિંહને ગોળી મારીને તેમના શરીરને ફેંકી દેવામાં આવ્યું હતું. કુલદીપે જણાવ્યું હતું કે જસવંતને મારતાં પહેલાં ક્રૂર રીતે ત્રાસ આપવામાં આવ્યો હતો. તપાસ બાદ સીબીઆઈએ ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં સ્વીકારવામાં આવ્યું હતું કે પોલીસે જસવંતસિંહ ખાલરનું અપહરણ કરીને તેમની હત્યા કરી હતી. આ કેસમાં ચાર પોલીસ અધિકારીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી, જ્યારે અન્ય આરોપીઓને સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

ગુરદાસપુરના મંછોપરા ગામમાં જાહેરમાં ફિલ્મ જોવા આવેલાં લોકોએ ફિલ્મ 'સતલુજ' પર લાદવામાં આવેલા પ્રતિબંધ પર સવાલ ઉઠાવ્યા હતા અને પોતાના સ્તરે ફિલ્મના પ્રદર્શનને સમર્થન આપ્યું હતું. ફિલ્મ જોવા આવેલા એક યુવકે કહ્યું કે ફિલ્મ બતાવવાનો અમારો હેતુ લોકોને જણાવવાનો છે કે કેવી રીતે પંજાબના નિર્દોષ યુવાનોની તેમનાં ઘરમાંથી અપહરણ કરીને હત્યા કરવામાં આવી હતી અને જસવંતસિંહ ખાલરા તેમના માટે કેવી રીતે લડ્યા હતા. આ પહેલી વાર છે જ્યારે કોઈએ ફિલ્મ દ્વારા આ બતાવવાનો પ્રયાસ કર્યો છે, તેથી આવી ફિલ્મ લોકો સુધી પહોંચે તે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ સરકાર ફિલ્મને રિલીઝ થવા દેતી નથી, તેથી અમે આ ફિલ્મ અમારા સ્તરે લોકોને બતાવી રહ્યા છીએ. ફિલ્મ જોયા પછી તે સમયગાળા દરમિયાન જે પરિવારોનાં સભ્યો ગુમ થયાં હતાં તેમની રાહ પૂરી થઈ ગઈ છે. અમને પંજાબના ઇતિહાસ અને ખાલરા સાહેબ વિશે ઘણી બધી બાબતો જાણવા મળી છે જે અમને પહેલાં ખબર નહોતી. અમે કંઈ ખોટું કરી રહ્યાં નથી. જો ફિલ્મ બની છે, તો અમને તે જોવાની મંજૂરી આપવી જોઈએ. અમે સરકારને અપીલ કરીએ છીએ.

મોગાના ગુરુદ્વારા સાહિબ ખાતે ફિલ્મના સ્ક્રીનિંગના આયોજક રાજવંતસિંહ માલ કહે છે કે આપણા દેશની સરકારે જસવંતસિંહ ખાલરા પર બનેલી ફિલ્મને રિલીઝ થવા દીધી ન હતી. અમને ઉત્સુકતા હતી કે અમને અમારા હીરોની ફિલ્મ કેમ જોવા દેવામાં આવી રહી નથી, જેઓ અમારા માટે લડ્યા હતા. જો ગેરકાયદેસર રીતે ફિલ્મ બતાવવા બદલ અમારી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવે તો અમે તેના માટે તૈયાર છીએ. સૌથી મોટો ગુનો એ છે કે લોકોને માનવ અધિકારોની વાત કરતા વ્યક્તિની ફિલ્મ જોવાની મંજૂરી નથી. જો કે, ફિલ્મના દિગ્દર્શક હની ત્રેહને લોકોને અપીલ કરી છે જેઓ ગેરકાયદેસર રીતે ફિલ્મ ડાઉનલોડ કરીને બતાવે છે તેઓ આમ ન કરે. Zee5 એ દર્શકોને 'સતલુજ' ફિલ્મની ફરીથી રજૂઆતની રાહ જોવાની અપીલ કરી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**આ ફિલ્મમાં દિલજીત દોસાંઝ માનવાધિકાર કાર્યકર્તા જસવંતસિંહ ખાલરાની ભૂમિકા ભજવે છે, જેમણે ગુમ થયેલા કે ફેક એન્કાઉન્ટરનો ભોગ બનેલાં ૨૫,૦૦૦ શીખો માટે લડત આપી હતી**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
**ટચૂકડી**
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**નોકરી વિષયક**

**ટેલી કોલિંગ કરી**
શકે તેવા છોકરીઓ જોઈએ છે. Mo. No. 9974252925

**બેંકના કલેક્શનના**
કામ માટે સુપરવાઈઝર, ટેલીકોલર (છોકરીઓ) અને ફિલ્ડવર્ક કરે એવા છોકરાઓ જોઈએ છે. 9638661122

**લગ્ન વિષયક**

**સુરત રહેતી**
38 વર્ષની CA થયેલી સિંધી યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**વ્યવસાયીક ધંધાકીય**

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184.

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**પેઈંગ ગેસ્ટમાં રહેવા**
માટે મળો વિદ્યાર્થીઓ, નોકરિયાત, કોઈપણ નોકરી કરતા વ્યક્તિ, ફક્ત જેન્ટ્સ માટે, સારી લોકાલીટી સારું લોકેશન અને વ્યાજબી, સાથે જમવાનું, ચા, નાસ્તો, દરેક જાતની ફેસિલિટિ મળશે, એસી, નોન એસી રૂમો, ઘોડદોડ રોડ વિસ્તારમાં 9978867220

**રેમન્ડ 3 પેન્ટપીસ**
માત્ર રૂ. 1500/- આલીશાન, ભવાનીવડ, હરીપુરા, સુરત.

**પાલમાં ઓફીસ તથા દુકાન વેચાણથી આપવાની છે.**
380ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, પહેલા માળે, ગેલેક્ષી સર્કલ પાસે
460ચો. ફુટ સુપર બિલ્ટઅપ એરિયા, ગ્રાઉન્ડ ફ્લોર, નિસલ સર્કલ પાસે
9712979399

**મિલ્કત વેચવાની છે**

**જુનો સામાન વેચવાનો**
છે સોફા કમબેડ, ફ્રીઝ, વોશીંગ મશીન, એસી, ઈનવર્ટર (M) 9979859777 (202)

**સુરત ડાયમંડ બુર્સ**
ઓફિસ વેચવાની છે. MO. 9687580001

**ફ્લેટ વેચવાનો છે.**
1 BHK અડાજણ, નાગરદાસ હોલ પાસે, (M) 9979859777. (201)

**વેચવાની છે**
જમીન સોલાર લાયક (93 વિંઘા) ગામ : કાળા વ્યારા, કણજા Mo: 9687580001

**તાકીદે વેચવાનું**
છે 92 વારનું મકાન આનંદ મહાલ રોડ આકર્ષક કિંમત મો 8460227144

**ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો**
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.